| | | |
|---|---|---|
| કરજુ કર્યા તારીખ | | ૧૪/૧૦/૨૦૦૯ |
| દાખલ તારીખ | | ૧૪/૧૦/૨૦૦૯ |
| ફેંસલ તારીખ | : | ૦૭/૦૧/૨૦૨૩ |
| અવધી : વર્ષ માસ દિવસ | | |

**અમદાવાદનાં એડી.ચીફ મેજિસ્ટ્રેટ (કોર્ટ નં. ૧૦) સાહેબશ્રીની કોર્ટમાં**

**ફોજદારી કેસ નં.૨૭૨૭/૨૦૧૬**

ફરિયાદી : સરકાર શ્રી

**વિરૂધ્ધઃ–**

આરોપીઓ : (૧) રાકેશ પ્રહલાદરામ જોષી
રહે. નારણપુરા, અમદાવાદ
(૨) મનિષ યોગેશકુમાર જોષી
રહે. નારણપુરા, અમદાવાદ
(૩) અનિષ દિલીપભાઈ જોષી
રહે. નવા વાડજ, અમદાવાદ

ગુન્હો : ઈ.પી.કો.ક–૩૨૩,૪૨૭, ૨૯૪(ખ),૧૧૪ મુજબ

સરકાર તરફે એ.પી.પી.શ્રીમતી સુપ્રલ શાહ
આરોપીઓ તરફે વિ. વ.શ્રી.એમ.કે.ખત્રી

**–// જજમેન્ટ //–**

**(૧)** ફરિયાદ પક્ષનાં કેસની હકીકત ટૂંકમાં એવી છે કે, આ કામના આરોપી એ તા. ૨૦/૦૪/૨૦૦૯ ના કલાક ૧૨:૩૦ વાગે કામેશ્વર મહાદેવ પાસે અંકુર રોડ નારણપુરા ચાર રસ્તા પાસે ફરીયાદી ને કપડાના પૈસા આપવાની ના પાડી જેમ ફાવે તેમ ગંદી ગાળો બોલી હાથ પગ તોડી નાખવાની ધમકી આપી ગડદાપાટુનો માર મારી પાછળથી મળી આવી પકડાઈ જઈ ગુનો કરી ઈ.પી.કો.ક–૩૨૩,૪૨૭, ૨૯૪(ખ),૧૧૪ મુજબ ગુનો નોંધી તપાસ કરતાં આરોપીઓ વિરૂધ્ધ મળી આવેલ પુરતા પુરાવા આધારે હાલનું ચાર્જશીટ કરેલ છે.

**(૨)** ફરીયાદ પક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ છે.

**(૩)** સદર કામે આરોપી સામે કલમ– ૨૯૯ ,૩૫૩(૬) મુજબ કાર્યવાહી કરેલ છે.

(૪) ફરિયાદ પક્ષ તરફે નીચે મુજબનો પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

| ક્રમ | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી નિરવ પ્રવિણભાઈ પટેલ ની જુબાની | ૦૪ |
| ૨ | ફરીયાદ | ૦૫ |

**(૫)** સદર કેસના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિતિ થાય છે.

**– મુદ્દા –**

| | |
|---|---|
| ૧. | શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી એ તા. ૨૦/૦૪/૨૦૦૯ ના કલાક ૧૨:૩૦ વાગે કામેશ્વર મહાદેવ પાસે અંકુર રોડ નારણપુરા ચાર રસ્તા પાસે ફરીયાદી ને કપડાના પૈસા આપવાની ના પાડી જેમ ફાવે તેમ ગંદી ગાળો બોલી હાથ પગ તોડી નાખવાની |

| | |
|---|---|
| | ધમકી આપી ગડદાપાટુનો માર મારી પાછળથી મળી આવી પકડાઈ જઈ ગુનો કરી ઈ.પી.કો.ક–૩૨૩,૪૨૭, ૨૯૪(ખ),૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ? |
| ૨. | શું હુકમ ? |

(૬) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના નીચે જણાવેલ કારણોસર મારા તારણો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**–: કા ર ણો :–**

(૭) સદર કામે ફરીયાદ પક્ષે આરોપી વિરૂઘ્ધનો આરોપ પુરવાર કરવા માટે સદર કામે ફરીયાદી નિરવ પ્રવિણભાઈ પટેલ ની તેમાં તેઓએ જણાવેલ છે કે તા. ૧૬/૪/૨૦૦૯ ના રોજ રાકેશ જોષી એ રાત્રે દસ એક વાગે અંકુર ચાર રસ્તા બોલાવેલ અને ત્યાં જઈને તેઓને લેવાના થતા પૈસા માંગતા રાકેશ જોષી તથા મનીષ બન્ને મારી સાથે બોલાચાલી કરેલી ત્યારબાદ તેઓએ બીજા દીવસે આવવાનું કહેતા હું તથા તેમનો મારો મિત્ર હાર્દિક ને ધવલ સાથે ગયેલ તો એ દિવસે પણ આરોપીઓએ પૈસા બાબતે તેમની સાથે બોલાચાલી કરેલી આરોપીઓએ ગાળો બોલી તેઓને માર મારેલ હોય કે કોઈ નુકસાન કરેલ હોય એવું બનેલ નથી બનાવ અંગેની તેઓની ફરીયાદી આપેલી તેઓની સહી છે . આંક– ૦૫ થી રજુ થયેલ છે બનાવ અંગેની કોઈ જાત માહીતી નથી જેથી ફરીયાદી એ ફરીયાદ ની હકીકત ને સમર્થન આપેલ નથીસદર કામે પંચોને તપાસવામાં આવે તો ફકત ગુનાવાળી જગ્યાનું પંચનામું રેકર્ડ પર આવેલ તેટલા માત્રથી ગુના સાથે આરોપી ને જોડી શકાય નહી તથા સદર કામે પી.એસ. ઓને તપસાવામાં આવે તો ફકત ફરીયાદ રેકર્ડ પર આવે પરંતુ ફરીયાદના તત્વો પુરવાર થઈ શકે નહી તથા સદર કામે તપાસ કરનાર ને તપાસવામાં આવે તો ફકત તપાસની કાર્યવાહી નો રીપોર્ટ રેકર્ડ પર આવે અને મહત્વના સાહેદોના અભાવમાં ફરીયાદીના તત્વો પુરવાર થઈ શકે નહી વધુમાં સીધા પુરાવાના અભાવમાં આડકતરો એટલેકે સમર્થનકારી પુરાવો મળે તો પણ આરોપી સામે પુરાવાની ચેન કમ્પલીટ રીતે જોડાય નહી અને અંતે આરોપી ને પ્રસ્થાપિત સિઘ્ધાંત મુજબ શંકાનો લાભ મળે તેવા સંજોગોમાં મહત્વના સાહેદોના અભાવમાં વધુ પુરાવો લેવામાં આવે તો પણ કોઈ ફળદાયી પરીણામ મળે નહી અને અંતે ટુટ્રાયલ પ્રેકટીસ માં પરીણમે તે સંજોગોમાં આટલા વર્ષો બાદ કોઈ સીધો પુરાવો મળી આવવાની હાલ શકયતા રહેલ નથી.

(૮) પ્રસ્તુત કેસમાં આરોપીઓ વિરૂઘ્ધ ભા.દં.સંહિતાની કલ––૩૨૩,૪૨૭, ૨૯૪(ખ),૧૧૪ મુજબનાં ગુનાનું તહોમત રહેલ છે.ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ થી ૧૦૩ અન્વયે આરોપી વિરૂઘ્ધનો આરોપ નિ:શંક પણે પુરવાર કરવાનો બોજો પ્રોસી.પક્ષે રહેલ છે.આમ,ઉકત હકીકતે કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ વધારવામાં આવે તો પણ કોઈ હેતુસરે તેમ ન હોય,નામદાર સુપ્રીમ કોર્ટે એ.આઈ.આર. ૧૯૮૮ સુ.કો.૭૦૯ માધવરાવ જે સીધીયા વિરુઘ્ધ શંભાજીરાવ સી.અન્જરેના ચુકાદાનો અભ્યાસ કરતા પારા–૭ માં ઠરાવેલ છે કે It is also for the court to take into consideration any special features which apper in a particular case to consider whether it is expedient and in the interest of justice to permit a prosecution to continue. This is so on the basis that the court cannot be utilized for any oblique purpose and where in the opinion of the court chances of an ultimate conviction

are bleak and therefore, no useful purpose is likely to be served by allowing a criminal prosecution to continue, the court may while taking into consideration the special facts of a case also quash the proceeding een though it may be at a preliminary state. ઉપરોકત ચુકાદો એ.આઈ.આર.૨૦૧ ૨ સુ.કો.૪૯૯ શ્રીજી ઉર્ફે પપ્પુ અને બીજા વિ.રાધીકા અને બીજામાં રીફર કરવામાં આવેલ છે. આમ, સદર ચુકાદો વંચાણે લેતા તેમાં નામદાર હાઈકોર્ટ ધ્વારા ઉચિત કીસ્સામાં કાર્યવાહીમાં આગળ વધવાનુ યોગ્ય ન જણાય તો ફરિયાદ કવોશ કરવા સબંધેની ચર્ચા કરેલ છે. વધુમાં નામદાર એપેલેટ કોર્ટની વખતો વખતની સ્પીડી ટ્રાયલ ચલાવવાની ગાઈડ લાઈન ધ્યાને લેતા જયારે આરોપી ને તકસીરવાન ઠરાવી શકાય તેવા કોઈ પણ ચાન્સ રહેલ ન હોઈ કે શકયતા રહેલ ન હોય તો તેવી કાર્યવાહી આગળ ચલાવવી તે અદાલતના પ્રોસેસ ના દુરઉપયોગ સમાન ગણાશે. જેથી ફરિયાદ પક્ષનો વધુ પુરાવો નોંધવામાં આવેલ નથી. વધુમાં સદર કામે રેકર્ડની હકીકત જોતા હાલની ટ્રાયલ ચલાવવામા આવે તો પણ  કોઈ મહત્વનો પુરાવો મળી આવે તેમ ન હોઈ અને આરોપીને તે રીતે લાભ મળે તેવા સંજોગો મા મોહનલાલ વિ. સ્ટેટ ઓફ પંજાબ (સુપ્રીમ કોર્ટ) તથા સતીષ મહેરા વિ.દીલ્લી એડમીનીસ્ટ્રેશન નો નામ.સુપ્રીમ કોર્ટનો ચુકાદો ધ્યાને લેતા જયારે કોર્ટને ફેરલી એવુ લાગે કે કનવીકશનની કોઈ શકયતા રહેલ નથી ત્યારે ફકત ફોર્માલીટી માટે પ્રોસીજર કમ્પલીટ કરવાની જરૂરત રહેતી નથી.તે તમામ સંજોગો ધ્યાને લેતા,ફરિયાદ પક્ષે રજુ કરવામાં આવેલ આક્ષેપો પુરાવાથી પુરવાર થતા ન હોઈ મુદા નં.૧ ફરિયાદ પક્ષ પુરવાર કરી શકેલ ન હોય તેનો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-// હુકમ //-**

| | |
|---|---|
| ૧. | આ કામનાં આરોપીઓને ક્રિ.પ્રો.કોડ કલમ ૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ –૩૨૩,૪૨૭, ૨૯૪(ખ),૧૧૪ મુજબનાં શીક્ષાપાત્ર ગુનાનાં તહોમતમાંથી પુરતા પુરાવાનાં અભાવે શંકાનો લાભ આપી મુકત કરવામાં આવે છે. |
| ૨. | મુદ્દામાલ પાવતી મુજબના મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. |
| ૩. | આરોપીઓએ અગાઉ આપેલ જામીન ક્રિ.પ્રો.કોડ કલમ ૪૩૭(એ)અન્વયે વધુ છ માસ સુધી ચાલુ રાખવામાં આવેલ છે. |

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(જતીનકુમાર શાંતિલાલ શાહ)
દસમી કોર્ટ મેજીસ્ટ્રેટ
અમદાવાદ
UI Code No.GJ00936